GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

# ગ્રામીણ વિકાસની યોજનાઓ – એક અવલોકન

ડૉ. દેવરાજ જી. ગાંવિત

ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમીક્સ

એમ. કે. બી. યુ. યુનિવર્સિટી, ભાવનગર

**સારાંશ**

**ભારતમાં સ્વાતંત્રતા પછી ગરીબી અને અસમાનતાને દૂર કરવામાટે ભારત સરકારે આ યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી.તેમનો મુખ્ય ધ્યેય ગરીબી અને આવકની અસમાનતામાં ઘટાડો કરવાનો હતો. તેમાં આ બધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી. જેમકે,** સામુહિક વિકાસ યોજના, સઘન ખેતી જીલ્લાકીય યોજના, નાના ખેડૂતોના વિકાસ માટેની સંસ્થા, નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો અને કૃષિ મજૂરો પ્રોજેક્ટ, દુષ્કાળગ્રસ્ત વિસ્તારના વિકાસનનો કાર્યક્રમ, રણ વિસ્તારના વિકાસનો કાર્યક્રમ, સંકલિત ગ્રામ વિકાસ યોજના, TRYSEM અને સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાઓનું અવલોકન અહીં કરવામાં આવ્યું છે. તે વર્ષ 1951 થી વર્ષ ૨૦૦૦ સુધીની નવમી પંચવર્ષીય યોજના દરમ્યાની જોવા મળે છે. તે યોજનાઓનું ટૂંકમાં વિવરણ કરવામાં આવ્યું છે.

પ્રસ્તાવના – ભારતમાં ગ્રામીણ વિકાસ માટે સરકાર દ્વારા અનેક પ્રકારની યોજનાઓની સ્વતંત્રતા પછી શરૂ કરેલ છે. જે આજ સુધી ચાલુ રાખવામાં આવેલી છે. તેમાં સરકાર દ્વારા ગ્રામીણ લોકોનું જીવન સ્તર, આવક અને ગરીબીને દૂર કરી શકાય તે માટે સરકારે આવી યોજનાઓ ચાલુ રાખી છે.

**1. સામુહિક વિકાસ યોજના (Community Development Programme)**

આ યોજના ભારતમાં આઝાદી પહેલા જુદા–જુદા સમાજ સુધારકો મિશનરીઓ દ્વારા ગ્રામીણ વિકાસમાં જુદા–જુદા પ્રયોગો કરવામાં આવેલ. તેમાં ખાસ કરીને રવીન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી, આલ્બર્ટ મેયર વગેરે દ્વારા કરવામાં આવેલ પ્રયોગો ખૂબ પ્રચલિત હતા. પરંતુ 1943માં બંગાળમાં દુષ્કાળ સમયે ભારતમાં અનાજનું ઉત્પાદન વધારવા માટે સૌ પહેલા સંગઠિત પ્રયાસ કરવામાં આવ્યો

હતો. જેને Grow more food campaign તરીકે ઓળખવામાં આવેલ હતો, જેમાં સૌપ્રથમ જમીન નિષ્ક્રિય પડી રહી હોય તેને ખેડાણ હેઠળ લાવવી અને બીજું હેક્ટર દીઠ અનાજની ઉત્પાદકતા વધારવા ખેડૂતોમાં રસ જાગૃત કરવો. આ માટે 1948 માં ઠાકોરદાસ સમિતિની રચના કરવામાં આવી તેને કેટલીક ભલામણો કરી અને તે ભલામણના આધારે 1950–51 માં ફરીથી તેની રચના થઈ. 1952 માં ભારત સરકારે સર વી.ટી. કૃષ્ણમાચારીનાં અધ્યક્ષપણા હેઠળ G.M.F.C.ની તપાસની કમિટીની રચના કરવામાં આવી હતી. તેમાં આ કમિટીએ એવી ભલામણ કરવામાં આવી હતી, કે ગ્રામીણ કાર્ય માટે એક વિસ્તરણ સંસ્થા ઉભી કરવી જોઈએ, જે દરેક ખેડૂત સુધી પહોંચી અને ગ્રામીણ જીવનના વિકાસમાં મદદ કરી શકે.

આ યોજનાનો અર્થ સામુહિક વિકાસ એટલે સરકાર તેમજ પ્રજાના પોતાના પ્રયત્નો દ્વારા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિમાં સુધારો કરવો તેમજ તેઓને રાષ્ટ્રીય વિકાસમાં પોતાની ભાગીદારી કરવા માટે પ્રેરિત કરવા અમુક વિકાસ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારમાં માનવ સંપત્તિ અને ચીજ–વસ્તુઓનો સંપૂર્ણ વિકાસ કરી સ્થાનિક નેતાગીરી તેમજ સ્વયંસંચાલિત સંસ્થાઓનો કરવાનો હતો, આ યોજના ૨જી ઓક્ટોબર 1952 માં વિધિવાર રીતે કરવામાં આવી હતી. તે 55 જેટલા પ્રોજેક્ટ એરિયામાં કરવામાં આવેલ હતી. 6 મહિનામાં ૧૧૦ બ્લોકમાં વિસ્તરણ કરવામાં આવેલ. આ યોજના 55 પ્રોજેક્ટ એરિયાનો વિસ્તાર, એક પ્રોજેક્ટ એરિયામાં 300 ગામડાંઓ, બે લાખ લોકો અને 1 લાખ 50 હજાર એકર કૃષિ જમીનનો હતો. આમ, કુલ વિસ્તાર 16500 ગામડાંઓ અને 1 કરોડ વસ્તી જેટલો મર્યાદિત હતો. આ યોજના દેશના ચારેય ખૂણામાંથી 400 મીલીયન ગ્રામીણ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ યોજનામાં કૃષિને લગતી પ્રવૃત્તિ, પશુઓની દવા, યાંત્રિક માહિતી, માછલી, મરઘાં ઉદ્યોગ , બતકાં ઉદ્યોગ, ફળ ફળાદી અને શાકભાજીના પાકનો વિકાસ, વનીકરણ વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી. આ યોજનાનું સંચાલન કેન્દ્ર, રાજ્ય, જીલ્લા, તાલુકા અને ગ્રામીણ સ્તરે કરવામાં આવતું. આ યોજનાને વિત્તીય મદદ અમેરિકા દ્વારા 05–01–1952 ના કરાર મુજબ 8.67 મિલિયન ડોલર પૂરી

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

પાડવામાં આવી હતી, તેમાં પુરવઠો, સાધનો, સેવાઓ અને વાહન–વ્યવહારનો ખર્ચ વગેરેનો સમાવેશ થયો હતો. 1 એપ્રિલ 1969થી આ કાર્યક્રમને રાજ્ય હેઠળ તબદીલ કરવામાં આવ્યો હતો. તેનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું. આ યોજનામાં લક્ષ્યાંક મુજબનો કૃષિ ઉત્પાદન વધારવામાં નિષ્ફળ ગઈ છે. કૃષિ ઉત્પાદનમાં કાર્યદક્ષ અને સીધું ધ્યાન રાખવામાં આવ્યું ન હતું. ભારતની કૃષિ ઉત્પાદકતા નીચે જોવા મળતી હતી, તેમાં તે વખતમાં ભારતમાં વધતી જતી વસ્તી, કૃષિ ઉત્પાદનની વધતી જતી માંગને પહોંચી વળવા માટે નવા અભિગમની જરૂરિયાત ઉભી થઇ હતી. તે સમયે અનાજનું ઉત્પાદન ઓછુ થયું હતું, લોકોની માંગના પ્રમાણમાં થયું ન હતું, જેના પરિણામે ભારતમાં 1956 માં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ હતી. તેના પરિણામે 1965–66માં હરિયાળી ક્રાંતિની શરૂઆત થઇ હતી. આમ, આઝાદી પછીનો સૌથી મોટો પ્રશ્ન એ અનાજની તંગીનો સર્જાયો હતો.

2. સઘન ખેતી જીલ્લાકીય યોજના- I.A.D.P. (Intensive Agricultural District Programme)

ભારતમાં 1957–58માં અનાજની તંગી ઉભી થઇ તેને પહોચી વળવા માટે ભારત સરકારે જાન્યુઆરી 1954માં અમેરિકાથી કૃષિ ઉત્પાદન અંગે એક ટીમને દેશના અનાજના ઉત્પાદનનાં પ્રશ્નોનો અભ્યાસ અને અનાજનું ઉત્પાદન ઝડપથી વધી શકે તે માટેના પ્રયત્નો અંગેની ભલામણ કરવા માટે આમંત્રિત કરી. તેનો રિપોર્ટ એપ્રિલ 1954 માં ભારત સરકારને સુપ્રત કર્યો, તેનું શીર્ષક“India food crisis and steps to meet it” (ભારતમાં અનાજની અછત અને તેને પહોંચી વળવાના પગલાઓ) આ કમિટીએ ઘણાં બધાં પગલા લેવાની ભલામણ કરી, તેના પછી એક સંકલિત કાર્યક્રમ રાજ્ય અને કેન્દ્ર સરકારના નિષ્ણાતો દ્વારા બહાર પાડવામાં આવ્યો, તેમાં 10 મુદ્દાનો કાર્યક્રમ માં અનાજનું ઉત્પાદનમાં વધારો થાય તેની ભલામણ કરવામાં આવી હતી તેના પરિણામે સઘન ખેતીની જીલ્લાકીય યોજના ઘડવામાં આવી હતી.

આ યોજનામાં એવો વિસ્તાર પસંદ કરવાનો હતો કે જે વિસ્તારમાં મહત્તમ સિંચાઈની સુવિધા હોય, ન્યૂનત્તમ કુદરતી આપત્તિ આવવાની હોય, અનાજનું ઉત્પાદન વધારવા માટે જરૂરી નીક્ષેપો અને સેવાઓ જે તે વિસ્તારમાં ઝડપથી મળી શકે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

આ યોજનાના મુખ્ય ઉદ્દેશોમાં ઝડપથી અનાજનું ઉત્પાદન વધારવાનું, ઉત્પાદકતાની બાબતમાં સ્વનિર્ભર થવાનો, માનવ અને ભૌતિક પ્રક્રિયામાં ફેરફાર કરી જરૂરી ઉત્પાદનમાં વધારો કરવાનો હતો.

આ યોજનાનો પ્રથમ 7 જીલ્લાઓ રાજ્ય સરકારે પસંદ કર્યા હતા, જેમાં તમિલનાડુમાંથી થંજાવુર, આંધપ્રદેશમાંથી પશ્ચિમ ગોદાવરી, બિહારમાંથી શાહબાદ, મધ્યપ્રદેશમાંથી રાયપુર, ઉત્તરપ્રદેશમાંથી અલીગઢ, પંજાબમાંથી લુધિયાણા અને રાજસ્થાનમાંથી પાલી એમ 7 જીલ્લામાંથી પસંદ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ભારતમાં જૂન 1960 થી માત્ર 140 સામુહિક વિકાસ બ્લોકનો સમાવેશ થયો હતો, જેમાં 14038 ગામડાંઓ અને માત્ર 45 લાખ હેક્ટર કુલ વાવેતર હેઠળનો વિસ્તાર સમાવિષ્ટ થયો હતો. આ યોજના થંજાવુર એ કાર્યક્રમની શરૂઆત કરનાર પ્રથમ જીલ્લો હતો. તે જીલ્લામાં 1960થી શરૂઆત થઈ હતી, બાકીના ચાર જિલ્લાઓમાં એપ્રિલ 1961થી શરૂઆત થઇ હતી, બાકી આઠ જીલ્લામાં સરકાની ભલામણ અનુસાર પસંદગી કરવામાં આવી હતી. જેમાં કર્ણાટકમાં માંડ્યા, ગુજરાતમાં સુરત અને વલસાડ, ઓરિસા માંથી સંબલપુર, કેરાલામાંથી એલ્પ્પી અને પાલઘાટ, પશ્ચિમ બંગાળમાંથી બદવાળ, મહારાષ્ટ્રમાંથી ભંડારા, આસામમાંથી કચાર અને જમ્મુ– કાશ્મીરમાંથી જમ્મુ અને અનંતનાગ વગેરે જિલ્લાઓમાં 1962–63 ના વર્ષમાં ખરીફ સિઝનમાં શરૂઆત થઇ હતી. હરિયાણાનો કર્નાલ જિલ્લાને પાછળથી તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન કેન્દ્ર દ્વારા માર્ગદર્શિકા રાજ્ય સ્તરે પૂરી પાડે અને જીલ્લા સ્તરે પ્રોજેક્ટ ઓફિસર, તાલુકા સ્તરે સામુહિક વિકાસ કાર્યક્રમ તેમાં 19 ગ્રામસેવકો, 4 વિસ્તરણ અધિકારીઓ, 4 થી 5 સહકારી માળખાના માણસો મુકવામાં આવ્યા હતા. જયારે જીલ્લા સ્તરે પ્રોજેક્ટ ઓફિસરની નીચે 3 થી 4 ખાસ વિષય નિષ્ણાતો અને 1 સહકારી મંડળીના મદદનીશ રજીસ્ટ્રારની પસંદગી કરવામાં આવતી.

આ કાર્યક્રમને વિત્તીય મદદ ફોર્ડ ફાઉન્ડેશનની મદદથી કરવામાં આવતું. ભારત સરકાર અને ફોર્ડ ફાઉન્ડેશન દ્વારા 18 જૂન 1960 ના રોજ કરાર કરવામાં આવ્યો હતો. 100 ટકા ખર્ચ ફોર્ડ

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવતો. આ કાર્યક્રમ પાંચ વર્ષની અંદર અંદાજીત ખર્ચ રૂ. 7.77 કરોડ થયું હતું. તેમાં ફોર્ડ ફાઉન્ડેશનનું રૂ. 4.40 કરોડ અને ભારત સરકારનું રૂ. 60 લાખ ખર્ચ કરેલ હતું.

સારાંશ – આ કાર્યક્રમના જુદા–જુદા ખ્યાલોને ધ્યાનમાં રાખીને જુદા–જુદા કૃષિ યુનિવર્સીટીઓ, એગ્રો રિચર્ચ સેન્ટરો તેમજ નિષ્ણાત સમિતિઓ દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

ઈ.સ.1960 થી 1967–68 ના સમયગાળા દરમિયાન નિષ્ણાત સમિતિ કરેલ મૂલ્યાંકન અભ્યાસમાં શરુઆતના 8 વર્ષમાં આ કાર્યક્રમના અનુભવ દ્વારા કેટલાક ઉપયોગી પદાર્થો શોધી કાઢવામાં આવ્યા હતા, જે જીલ્લાઓ પસંદ કરવામાં આવ્યા હતા. તે જિલ્લાઓમાં ટેકનોલોજી ઉપયોગી હતી. તેના પરિણામે કૃષિ ઉત્પાદનમાં વધારો ઝડપથી થયો હતો. આ કાર્યક્રમની નબળાઈ એ હતી કે તેમાં આર્થિક વિકાસ સમાનતાના ખ્યાલને અવગણવામાં આવ્યો હતો. તેના પરિણામે એક જ જીલ્લામાં અને જુદા–જુદા જીલ્લાઓ વચ્ચે આવકની વહેંચણીમાં અસમાનતા જોવા મળી હતી.

3. નાના ખેડૂતોના વિકાસ માટેની સંસ્થા- (Small Farmer Development Agency)

1969 માં All India Rural Credit Review Committee ના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ અનુસાર નાના ખેડૂતો કે જેઓએ હરિયાળી ક્રાંતિનો લાભ મળ્યો ન હતો, તેઓ માટે એક સંસ્થા હોવી જોઈએ, તેને ધ્યાનમાં રાખીને ચોથી પંચવર્ષિય યોજનામાં ખાસ નાના ખેડૂતો વિકાસની પ્રક્રિયામાં ભાગીદારી થઇ શકે તેનો લાભનો હિસ્સો મળી શકે તે માટે ધ્યાન આપવાનું નક્કી કરવામાં આવ્યું, તેની શરૂઆતનું વર્ષ 1971–72 થી થયેલ હતું, તેનો મુખ્ય ઉદેશ્ય નાના ખેડૂતોની પૂરેપુરી કાળજી રાખવાનો છે, જેથી તેઓનું અસ્તિત્વ ટકી રહે. આ કાર્યક્રમ દેશભરમાં 87 વિસ્તારોમાં શરૂ કરવામાં આવ્યો હતો. 2.5 થી 5 એકર જમીનનું કદ ધરાવતા નાના ખેડૂતોના 50 હજાર કુટુંબોને એક પ્રોજક્ટ વિસ્તારમાં 5 વર્ષ દરમ્યાન સમાવી લેવાના હતા. તેમને 25 ટકા સબસીડી આપવાની હતી. તેમજ સહકારી અને વ્યાપારી બેંકો દ્વારા લોન પણ ઉપલબ્ધ કરવાની હતી. આ યોજના વર્ષ 1979–80 માં સંપૂર્ણ મદદ કેન્દ્ર દ્વારા કરવામાં આવી હતી. અને ત્યાર પછીના વર્ષોમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે 50–

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

50 ટકાની ખર્ચમાં ભાગીદારી કરવામાં આવી હતી. આ યોજના પાંચમી પંચવર્ષીય યોજનામાં કૃષિપંચ દ્વારા ભલામણ અનુસાર નાના ખેડૂતો અને ખેતમજૂરો બન્ને એકબીજાનમાં સમાવી લેવાનું નક્કી કરવામાં આવેલ.

આમ, ઉપરોક્ત યોજનામાં નાના ખેડૂતો, ખેતમજૂરો અને સીમાંત ખેતમજૂરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

4. નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો અને કૃષિ મજૂરો પ્રોજેક્ટ – (Small farmers, marginal farmers and agriculture Labours project)

MFAL એ સંસ્થા પણ SFDA ની જેમ 1970 –71 માં All India Rural review Committee એ 1968 માં કરેલ ભલામણ અનુસાર કરવામાં આવેલ. તેનો મુખ્ય ઉદેશ્ય 2.5 એકર થી ઓછી જમીન ધરાવતાં સીમાંત અને ખેત મજૂરની જુદી–જુદી પ્રવૃત્તિઓ કરવાનો હતો. પ્રોજેક્ટ વિસ્તારમાં 5 વર્ષના ગાળા દરમિયાન 15000 સીમાંત ખેડૂતો અને 5000 ખેત મજૂરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ચોથી પંચવર્ષિય યોજનામાં MFAL 81 વિસ્તારોમાં શરૂ કરવામાં આવી હતી, ત્યાર પછી આખા દેશમાં 168 પ્રોજેક્ટ વિસ્તારના 1818 બ્લોકમાં એ કાર્યરત હતી. આ કાર્યક્રમનાં લાભાર્થીઓને સાધનો ઉપલબ્ધ કરાવવામાં 40 થી 50 ટકા હિસ્સો સબસીડી સ્વરૂપે અને બાકીની લોન સહકારી અને વ્યાપારી બેંકો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી હતી, તેના સંચાલનના માળખામાં જીલ્લાના કલેક્ટર ચેરમેન રહેલા, તેમાં જુદા–જુદા વિભાગના જીલ્લા અધિકારીઓ સંચાલકીય બોર્ડના સભ્યો હતા. ત્યાર પછી સંસ્થાનું નવું નામ જિલા ગ્રામ વિકાસ સંસ્થા આપવામાં આવ્યું હતું. આ સંસ્થા દરેક ગ્રામ વિકાસ અમલીકરણ માટે જવાબદાર સંસ્થા છે.

આ યોજનામાં કૃષિ અને ખેતમજૂરોની પસંદગીમાં ખૂબ ઓછું ધ્યાન આપવામાં આવ્યું હતું. જેના કારણે જે લાભાર્થીઓ છે, તેની પસંદગીની પ્રક્રિયા ખૂબ જ ધીમી રહી હતી. તેના કારણે લાભાર્થીઓ તેનો પુરેપુરો લાભ મેળવી શક્યા નથી. સહકારી માળખામાં પણ કેટલાક પ્રોજેક્ટ વિસ્તારમાં લક્ષ્યાંક જૂથને શાખની જરૂરિયાતને પહોંચી વળવા માટેનું સહકારી માળખું ખૂબ નબળું

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

પુરવાર થયું હતું. આ યોજનામાં કૃષિ શ્રમિકોને સંપૂર્ણપણે દૂર રાખવામાં આવ્યા છે. ખાસ કરીને વર્ષ 1973 –74 ના અંત સુધીમાં જે કુલ લોન આપવામાં આવી છે, તેમાં તેમનો હિસ્સો માત્ર 1 ટકા આપવામાં આવતી હોય છે. આ યોજના માટે ઘણા બધાં પગલા ભરવામાં આવ્યા હતા. છતાં પણ તેમાં સુધારો થયો ન હતો આ માટે સહકારી માળખું બજાર અને ગ્રામીણ ગોડાઉનનું બાંધકામ તૈયાર કરવામાં આવ્યું હતું.

5. દુષ્કાળગ્રસ્ત વિસ્તારના વિકાસનનો કાર્યક્રમ : (Th Drought drone Area Programme) DPAP

આ યોજના 1970–71 માં Rural works Programme થી શરૂઆત કરવામાં આવી હતી.આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સતત દુષ્કાળની પરિસ્થિતિ હોય એવા વિસ્તારમાં પરિસ્થિતિને પહોંચી વળવા રોજગારીનું સર્જન થઇ શકે તેવા ગ્રામીણ વિકાસ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ઉદ્દેશો પૂર્ણ થઇ શકે એમ ન હતું તેથી તેનું નામ DPAP માટે કાર્યક્રમો ચોથી પંચવર્ષિયના મધ્યભાગમાં શરૂ કરવામાં આવ્યો હતો.

આ યોજનાના મુખ્ય ઉદ્દેશો :

(1) દુષ્કાળની અસરની તીવ્રતમાં ઘટાડો કરવા

(2) સમાજના પછાત વર્ગોની આવકને સ્થિર કરવી

(3) પર્યાવરણીય સમતુલા જાળવવી જેના માટે મહત્વના કર્યો જેવા કે

(a) પાણીની સંપતિનો વિકાસ અને સંચાલન

(b) જમીનમાં પાણીનો સંગ્રહ

(c) વનીકરણ

(d) પાકની તરાહ

(e) પશુપાલન અને ડેરીનો વિકાસ

(f) નાના, સીમાંત અને ખેતમજૂરોનો વિકાસ વગેરે બાબતોનો સમાવેશ થયો છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

ચોથી પંચવર્ષિય યોજનામાં બધો જ ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. અને પાંચમી પંચવર્ષીય યોજનામાં કેન્દ્ર અને રાજ્ય 50–50 ટકાનો હિસ્સો વિભાજીત કરવામાં આવ્યો હતો. અને છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં તેને સંકલિત ગ્રામ વિકાસ યોજનામાં સંકલન કરવામાં આવ્યું હતું. આ યોજનામાં જુદા–જુદા રાજ્યોમાં 6 પ્રોજેક્ટો માટે 35 મિલિયન અમેરિકન ડોલરની સહાય કરવામાં આવી હતી. આ કાર્ય આઠમી અને નવમી યોજનામાં પણ ચાલુ રાખવામાં આવી હતી. ભારતમાં આ કાર્યક્રમ 13 રાજ્યોમાં 155 જીલ્લાઓમાં 947 તાલુકાઓમાં કાર્યરત હતો. આ કાર્યક્રમ 1973–74 થી 1994–95 ના વર્ષો દરમ્યાન કુલ ખર્ચ રૂ. 1745 કરોડ કરવામાં આવ્યો હતો. અને 57.29 હેક્ટર જમીન મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓ જેવી કે જમીન વિકાસ, પાણીની સંપત્તિનો વિકાસ અને વનીકરણ હેઠળ આવરી લેવામાં આવી હતી. ટૂંકમાં આ યોજનામા જે બંજર જમીન અને પાણીની સુવિધાનો અભાવ હોય તેવા જિલ્લાઓમાં આ યોજના દાખલ કરવામાં આવી હતી.

(6) રણ વિસ્તારના વિકાસનો કાર્યક્રમ : (The Desert Development Programme) DDP

આ યોજનાની શરૂઆત 1977–78 થી રાજસ્થાન, ગુજરાત અને હરિયાણાના ગરમ રણ અને જમ્મુ–કાશ્મીર, હિમાચલ પ્રદેશના ઠંડા રણ માટે શરૂ કરવામાં આવી હતી આ યોજના 100 ટકા કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતી હતી. ત્યાર પછી 1979–80થી આ કાર્યક્રમ કેન્દ્ર અને રાજ્યોનો હિસ્સો 50–50 ટકા કરવામાં આવ્યો હતો. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ માનવ તેમજ પશુપાલનની વસ્તી પર દુષ્કાળની અસર ઓછી કરવાની હતી. આ કાર્યક્રમ ની મુખ્ય પ્રવૃત્તિઓ વનીકરણ, પાણીનો સંગ્રહ, ગ્રામીણ વિજળીકરણ અને પશુપાલન મુખ્ય હતો.

ગરમ પ્રદેશો કે જ્યાં રેતીના રણ છે. આવી પ્રવૃત્તિઓ રેતીના ઢગલાને રોકવા અને આગળ વધતા અટકાવવા માટે પાળા બનાવવા પડે. આ કાર્યક્રમની નબળાઈઓ જાણવા વધુ વિસ્તારોનો સમાવેશ કરવાની ભલામણને ધ્યાન માં રાખી ભારત સરકારે 1993 માં સી.એચ. હનુમંત રાવના અધ્યક્ષપણા હેઠળ DPAP અને DDP એક સમિતિની રચના કરી તેમનો રીપોર્ટ એપ્રિલ 1993–94 માં સુપ્રત કર્યો હતો. આ સમિતિએ કેટલીક ભલામણો કરી હતી જેવી કે નવા જીલ્લાઓ અને તાલુકાઓને આ કાર્યક્રમ

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

હેઠળ સમાવેશ કરવો. પાણીના જથ્થાના વિકાસ માટે નવી માર્ગદર્શિકા આપવી, આ નબળી કામગીરી માટેના મહત્વના કારણોમાં

(1) વોટર સ્ટેમ્પ અભિગમને સ્વીકારવા અમલીકરણ સંસ્થા સંપૂર્ણ નિષ્ફળ ગઈ હતી.

(2) આ કાર્યક્રમમાં આયોજન અને અમલીકરણમાં લોકોની ભાગીદારીનો અભાવ

(3) નાણાનો અભાવ

(4) તાલીમબદ્ધ લોકોની ઉપલબ્ધીનો અભાવ

આ કાર્યક્રમ 1997–98માં 7 રાજ્યોના 36 જિલ્લાઓમાં 227 બ્લોકમાં અમલી કરી હતી. વર્ષ 1977–78 થી 1994–95માં આ કાર્યક્રમ પાછળ કુલ ખર્ચ રૂ. 595.51 કરોડ જેટલું થયું હતું. આ કાર્યક્રમ હેઠળ 5.52 લાખ હેક્ટર જમીનનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(7) સંકલિત ગ્રામ વિકાસ યોજના: (Intigrated Rural Development Programme) : IRDP

આ કાર્યક્રમ ગરીબી નિવારણ માટેનો મુખ્ય ધ્યેય હતો. આ ગરીબી અને બેરોજગારીને દૂર કરવા આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પહેલાની બધી જ યોજનાઓ આ કાર્યક્રમમાં સમાવિષ્ટ કરવામાં આવી હતી. આ યોજનાની શરૂઆતવર્ષ 1978–79માં દેશભરમાં પસંદ કરેલા 2300 બ્લોકમાં શરૂઆત કરવામાં આવી. અને દેશનાં દરેક બ્લોકમાં બીજી ઓક્ટોબર 1980 થી અમલી બનાવવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબમાં ગરીબ કુટુંબોને આવક કમાવી આપતી અશ્કયામત પૂરી પાડવી અને સ્વરોજગારીની તકો પૂરી પાડવાનો હતો. દેશભરમાં આવકની અસમાનતા દૂર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો.

આ યોજનામાં નાના, સીમાંત ખેડૂતોને ખેત અને બિન ખેત મજૂરને ગ્રામીણ કળા કારીગરોને, અનુસૂચિત જાતિ, જનજાતિના કુટુંબોને કે જેઓ ગરીબી રેખા હેઠળ જીવન વ્યયતીત કરે છે, ભારતના લક્ષ્યાંક જૂથના લાભાર્થીઓ આ પ્રમાણે છે નાનાં ખેડૂત, સીમાંત ખેડૂત, ખેતમજૂર,બિન ખેતમજૂર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

આ યોજનાનો અભિગમ જૂથ અભિગમ દ્વારા પસંદ કરેલ ગામડાઓમાંથી લાભાર્થીઓની પસંદ અને અંત્યોદય અભિગમ દ્વારા પસંદ કરેલ લાભાર્થીઓને પેકેજ અભિગમથી ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ યોજનામાં રાજ્ય અને કેન્દ્રનો હિસ્સો 50% – 50% રહેલો છે. તેમાં સબસીડી આપવામાં આવતી હતી.

આ યોજનાનું સંચાલન જીલ્લા સ્તરે સ્વાયત સંસ્થા DRDA કેન્દ્રમાં ગ્રામીણ રોજગાર અને ગરીબી

નિવારણ વિભાગ અને રાજ્ય સ્તરે રાજ્યના ગ્રામીણ વિકાસ વિભાગ નીતિનું આયોજન, અમલીકરણ,

સંકલન દેખભાળ વગેરે જવાબદારી સોંપવામાં આવી હતી. તાલુકા સ્તરે તાલુકા વિકાસ અધિકારી તેના હાથ નીચે એક વધારાના વિસ્તરણ અધિકારી અને 10 ગ્રામ સેવકોની સહાયથી આ કાર્યક્રમને અમલમાં મુકવામાં આવ્યો હતો.

આ યોજનામાં આયોજન અને અમલીકરણની પ્રક્રિયામાં ગામડાઓની પસંદગી, લાભાર્થીઓની પસંદગી કરવામાં આવતી.

ગ્રામીણ અને તાલુકા આયોજનમાં કુટુંબોમાંથી લાભાર્થીઓની પસંદગી IRDP માં ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવતી હતી. તેમને કાચા માલ સમાન, શાખ, સબસીડી કેટલી આપવી તે તાલુકા સ્તરે નક્કી કરવામાં આવતું. તેમાં જીલ્લા આયોજનમાં ભૌતિક અને વિત્તીય લક્ષ્યાંકો નક્કી કરવામાં આવતા હતા. તેઓને લોન અને સબસીડી પૂરી પાડવામાં આવતી. તેમાં સબસીડીનું પ્રમાણ 25 થી 50 ટકા રાખવામાં આવતું. જે પ્રદેશ બિનદુષ્કાળગ્રસ્ત હોય તો 4000 રૂ. અને દુષ્કાળગ્રસ્ત વિસ્તાર હોય તો 5000 રૂ. અને SC અને ST માટે રૂ. 6000 ની મર્યાદા હતી.

અશ્ક્યામત ખરીદી માટે વિસ્તરણ અધિકારી અથવા ગ્રામ સેવકોએ મદદરૂપ થવાની હતી. તેમાં પ્રમાણપત્રો આપવામાં આવે છે, તેના કારણે ભ્રષ્ટાચારની પરિસ્થિતિ જોવા મળે છે, તેમાં નિક્ષેપો, સેવાઓ અને બજાર વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી હતી. દુધાળા પશુઓની બાબતમાં

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

લાભાર્થીઓ તેમની પાસેથી દાણા ઘાસચારો ખરીદતા તો તે ઘણી હલકી ગુણવતા વાળી અને ગાય ભેંસોને વિટામીનયુક્ત ખોરાકનો અભાવ જોવા મળતો તેના પરિણામે દૂધની ઉત્પાદકતામાં મોટો ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. આ યોજનામાં પ્રજાની ભાગીદારી ઉભી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લોકો સરકારનો કાર્યક્રમ ગણતા, પરંતુ સરકારનો કાર્યક્રમ નથી. લોકભાગીદારીથી આ કાર્યક્રમ કરવાની પ્રેરણા લોકોમાં આવવી જોઈએ. આ યોજનામાં લોકોને તાલીમ આપવામાં આવશે તેમાં તાલીમનો ખર્ચ તેમણે ફાળવેલ ભંડોળમાંથી જ ઉભો કરવાનો હતો. તેમાં કૃષિ અને આનુષંગિક પ્રવૃત્તિઓ તેમજ ઔધોગિક પ્રવૃત્તિ કરવામાં આવતી હતી. તેમાં ખાસ તાલીમ ગ્રામસેવક કેન્દ્રો દ્વારા ખેડૂત તાલીમ કેન્દ્ર અને કૃષિ વિદ્યાલય દ્વારા આપવામાં આવતી હતી. જયારે ઔધોગિક તાલીમ (ITI) પોલીટેકનીક તેમજ અન્ય ખાદી અને ગ્રામ ઉધોગ કમીશન દ્વારા ચલાવવામાં આવતી. તે જ રીતે યુવાનો માટે 1979 માં (TRYSEM) ખાસ યોજના શરૂ કરવામાં આવી હતી. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય 18–35 વર્ષના વયજૂથના બેરોજગારને સ્વરોજગારી મળી શકે તે માટે સાધનો પુરા પાડવામાં આવ્યા હતા. આના માટે ભારતમાં હૈદરાબાદમાં NRTD, પૂનામા કોલેજ ઓફ એગ્રીકલ્ચર બેન્કિંગ, નવી દિલ્હીમાં IIPA અને આણંદમાં IRMA માં જોવા મળે છે.

આ કાર્યક્રમનું મૂલ્યાંકન કરવા માટે ભારતભરમાંથી ચાર મોટા અભ્યાસો નાબાર્ડ, RIB, PED અને IFMR દ્વારા મૂલ્યાંકન કરવામાં આવતું.

આમ, આ યોજના સાતમીથી નવમી યોજના સુધી કેન્દ્ર અને રાજ્યની કુલ ફાળવણીમાંથી સાતમી યોજનામાં 18.77 લાખ કુટુંબોને આઠમી યોજનામાં તેનું પ્રમાણ 73.41 લાખ કુટુંબોને અને નવમી યોજનામાં તેમાં 51.44 લાખ કુટુંબોની સ્વરોજગારીમાં ઘટાડો થયેલો જોવા મળે છે.

(8) TRYSEM – (Training of Rural youth for self-employment)

આ કાર્યક્રમ ભારતમાં 1979માં શરૂ કરવામાં આવ્યો હતો. તેમાં યુવાનોને સ્વરોજગારી મળી શકે તે માટે 15–35 વર્ષના વયજૂથના હોવા જરૂરી છે તેમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ યોજના ગ્રામીણ બેરોગાર યુવાનોને ચાર જૂથમાં વર્ગીકૃત કરવામાં આવ્યા

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

હતા. (1) સાક્ષર અને કુશળ (2) સાક્ષર અને અકુશળ (3) નિરક્ષર પરંતુ કુશળ અને (4) નિરક્ષર અને અકુશળ. આ રીતે તેમને તાલીમ આપવામાં આવતી. ગ્રામીણ ક્ષેત્રના યુવાનો સ્વરોજગાર અને સક્ષમ બનાવવાના હતા. તેમાં ખાસ કરીને ગરીબી રેખા હેઠળના યુવાનોને સક્ષમ બનાવવાના તેમજ તેમને તાલીમ અને ટેકનીકલ કૌશલ્યો પુરા પાડવાના હતા.

આ યોજના ભારતમાં ગ્રામીણ યુવાનોની સમસ્યાઓ હાલ થતી નથી તેથી TRYSEM 5000 બ્લોકમાં રજૂ કરવામાં આવ્યું હતું. તેનાથી યુવાનો સ્વરોજગાર બન્યા હતા. TRYSEM ની વ્યૂહરચના એવી હતી કે તેમના અલગ–અલગ પ્રકારોના આધારે તેમને તાલીમમાં પરિવર્તન કરવામાં આવતું હતું . છ મહિનાથી વધુ તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ અને ટુલકીટ આપવામાં આવતી હતી. તેઓની તાલીમ પૂરી થાય ત્યારે તેમને સબસીડી ધિરાણ પ્રાપ્ત કરવા પાત્ર બને છે. આ કાર્યક્રમમાં યુવાનોને ઉધોગ સાહસીકતા તરફ લઈ જવાની સરકારની પહેલ હતી. આ કાર્યક્રમમાં સંસ્થાકીય માળખું જોઈએ તો તેમાં BDO ની લાયકાત પસંદ કરવાની જવાબદારી તેમજ VLWS- (Village Level Workers) ની મદદથી લક્ષ્ય જૂથો સાથે જોડાયેલા યુવાનો Block Development Officers – BDO અરજીઓ મંગાવીને તેની ચકાસણી કરવામાં આવે છે, તે પછી DRDA – District Rural Development Agency દ્વારા કરવામાં આવે છે. તેમની ક્ષેત્રીય યોજનાઓ ધ્યાનમાં રાખીને ઉત્પાદક પ્રવૃત્તિઓ અને ઉત્પાદનની વેચાણ ક્ષમતા પર ભાર મુકવામાં આવ્યો હતો. DRDA તેમના વ્યવસાયોની ટૂંકી યાદી તૈયાર કરે છે, તેમને સંસાધનો આપવામાં આવે છે , તેમાં ખાસ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, નેહરુ યુવક કેન્દ્રો વગેરે તેમની ખૂબ જ મર્યાદિત ધોરણે તાલીમ આપવામાં આવે છે , તેમાં યુવાનોને પસંદગી કરવામાં વિસ્તારની તાલીમ આપવામાં આવે છે, તેમાં યુવાનોને પસંદગી કરવામાં વિસ્તારની તાલીમ સંસ્થાઓ, બેન્કર્સ, ખાદી અને ગ્રામોધોગ તાલીમ સંસ્થા અને પંચાયતી રાજ સંસ્થાઓની સમિતિ બનાવવામાં આવે છે. આ સસ્થાઓ BDO ની અધ્યક્ષતામાં કેટલાક માપદંડો કે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પસંદગીને અંતિમ સ્વરૂપ આપવામાં આવતું, જેમ કે,

(1) સૌથી ગરીબ પરિવારનો સભ્ય (2) અનુસૂચિત જતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યોને અગ્રતા આપવી. (3) ઉમેદવારોમાં ઓછામાં ઓછા (1/3) એક તૃતીયાંશ મહિલાઓ (4) નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામ હેઠળ 12 મહિનાનો અભ્યાસ પૂર્ણ કરનાર વ્યક્તિઓને તેમાં કોઈ શૈક્ષણિક લાયકાતનો અભ્યાસક્રમ નક્કી કરવામાં આવેલ નથી.

તેમાં DRDA માં આસીસ્ટન્ટ પ્રોજેક્ટ ઓફિસર, વિસ્તરણ અધિકારીઓ તેના માટે જવાબદાર છે. તેનો અમલ જે તે રાજ્ય સ્તરે થાય છે તે રાજ્ય સ્તરીય સંકલન સમિતિ (SLCC) ની પેટા સમિતિ કામ કરે છે.

આમ , આ યોજના યુવાનોને તાલીમ આપીને તેમને સાધનો પુરા પાડવાની યોજના છે.

(9) સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના : (Swarna Jayanti Gram Swarozgar Yojna)

આ યોજના ભારતમાં 1 એપ્રિલ 1999 ના રોજ તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીએ જાહેરાત કરી હતી.તે ગરીબ ગ્રામીણ સ્વરોજગારને ટેકો આપવા માટે સંકલિત કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો. આ યોજના કેન્દ્ર અને રાજ્ય દ્વારા 75:25 ના ગુણોત્તરમાં ભંડોળ આપવામાં આવતું , તેનો અમલ વ્યાપારી બેંકો, પ્રાદેશિક બેંકો અને સહકારી બેંકો દ્વારા કરવામાં આવતું, તેમજ અન્ય નાણાકીય સંસ્થાઓ જેવી કે પંચાયતી રાજ સંસ્થાઓ, જીલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી, બિન સરકારી સંસ્થાઓ તેમજ તકનીકી સંસ્થાઓનો યોજનાના વિકાસ, અમલીકરણ અને દેખરેખમાં ભાગ લે છે.

આ યોજનાની રોકાણની રકમ મહતમ મર્યાદા રૂ.1.25 લાખ અથવા રૂ.10,000 પ્રતિ વ્યક્તિ બેન્કોમાં વાણિજ્ય બેંકો, સહકારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેન્કોની હોય છે. તેની ચુકવણીની મુદત પાંચ, સાત અને નવ વર્ષની હોય છે.

આ યોજનાની કામગીરી જોઈએ તો ગરીબી રેખા (BPL) ની નીચે રહેતા ઓછી આવક ધરાવતા પરિવારોને સ્વ-સહાય જૂથોમાં સંગઠિત કરવામાં આવતા હતા. આનો મુખ્ય ધ્યેય આ પરિવારોને ગરીબી રેખા પાર કરવામાં અને સહયોગી પ્રયાસો દ્વારા આવકનો ટકાઉ સ્ત્રોત ઉભો કરવામાં મદદરૂપ થવાનો હતો.

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

આ યોજનામાં પહેલાની છ યોજનાઓને સમાવવામાં આવી હતી જેમ કે, IRDP, TRYSEM,DWCRA, SITRA, GKY અને MWS હતી. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકોનો વિકાસ, ગ્રામીણ કારીગરો, ગંગા કલ્યાણ યોજના અને મિલિયન કૂવા યોજનાને સુધારેલ ટુલકીટનો પુરવઠો આપવામાં આવતો.

આ યોજનાની વિશેષતા એ છે કે તેમાં ધિરાણ એ મહત્વપૂર્ણ ઘટક છે, જેમાં સબસીડી નાના સક્ષમ પરીબળ તરીકે સેવાઆપતી યોજના હતી.

S.GS.Y ની યોજના ગ્રામીણ પ્રદેશોમાં જમીન આધારિત અથવા અન્યથા ના આધારે નોંધપાત્ર સંસ્થામાં સૂક્ષ્મ ઉદ્યોગોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં લાભાર્થીઓને તાલીમ, ધિરાણ. ટેકનોલોજી ટ્રાન્સફર, માર્કેટિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિવિધ ઘટકોને ધ્યાનમાં લેવામાં આવે છે.

આ યોજનાની સબસીડી સમગ્ર પ્રોજેક્ટ ખર્ચના 30 ટકાની સમાન સબસીડી માટે પરવાનગી આપવામાં આવતી હતી. રૂ. 7500 સ્વ–સહાય જૂથો અને વ્યક્તિગત સ્વરોજગારને કુલ પ્રોજેક્ટ ખર્ચના 50 ટકાની સબસીડી મળે છે. આ યોજનામાં મહત્તમ રૂ. 1.25 લાખ અથવા માથાદીઠ સબસીડી રૂ. 10,૦૦૦ જે ઓછું હોય તે આપવામાં આવતું હતું. ધારો કે સિંચાઈ પ્રોજેક્ટ માટે સબસીડી પર કોઈ નાણાકીય મર્યાદાઓ નથી. SC અને ST અને અપંગ માટે 50% સબસીડી આપવામાં આવશે, તેમાંથી અમુક મહિલાઓ અને અપંગોને જાય છે, આ બધી જ યોજનાની જાળવણી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પૂરી પાડવામાં આવે છે. સ્વ– સહાય જૂથ તેમાં નિયમિત તહેવારો અને ભોજન સમારંભોનું આયોજન કરીને બજાર પૂરું પાડે છે.

આમ, આ યોજના ખૂબ જ અગત્યની છે. આ યોજનાઓ ગરીબી અને જે નબળા લોકો માટે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી હતી. તેનાહિ દેશમાં આવકની અસમાનતામાં ઘટાડો થાય.